*ચુકાદો*

| | |
|---|---|
| **આંક** | |
| **દાખલ તારીખ** | ૦૩/૦૧/૨૦૨૩ |
| **રજીસ્ટર તારીખ** | ૦૩/૦૧/૨૦૨૩ |
| **નિકાલ તારીખ** | ૧૨/૦૩/૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ: માસ: દિવસ** |
| | ૦૩: ૦૨: ૦૯ |

---

**નખત્રાણાના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. નખત્રાણા.**

---

**(નમૂનો–અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૨/૦૩/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૦૫/૨૦૨૩** |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. | **નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૩૫૨૨૧૦૬૮/૨૦૨૨** |
| ગુન્હો | **આઈ.પી.સી.ની કલમ– ૩૭૯, ૧૧૪** |

| | |
|---|---|
| ફરિયાદી | **ગુજરાત સરકાર શ્રી** |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | **એન.જે.પુજારા** |
| આરોપી | **(૧) રફિક જુમા બજાણીયા**<br>ઉ.વ.૩૫, ધંધો–ડ્રાઈવીંગ,<br>રહે. સંજોગનગર, ભુજ.<br>**(૨) ઉપેન્દ્ર રમનવમી નિષાદ**<br>ઉ.વ. ૩૫, ધંધો–ડ્રાઈવીંગ,<br>હાલે રહે. જૂનાવાસ, માધાપર,<br>તા.ભુજ–કચ્છ. |

| | |
|---|---|
| | મુળ રહે. ગામ ખપણા હવા, તા.રૂદ્રપુર, જી.દેવરીયા, ઉત્તરપ્રદેશ.<br>(૩) **હરીલાલ ઉર્ફે ઈન્ડિયન ગોપાલભાઈ ગાગલ (આહીર)**<br>ઉ.વ. ૪૩, ધંધો–ખેતી,<br>રહે. અટલનગર ચપરેડી, તા.ભુજ–કચ્છ. |
| આરોપીના વિ. વકીલશ્રી | **વી.આર.ગઢવી** |

**(નમૂનો–બ)**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | **૨૩/૧૦/૨૦૨૨** |
| ફરિયાદની તારીખ | **૨૪/૧૦/૨૦૨૨** |
| ચાર્જશીટની તારીખ | **૧૮/૧૨/૨૦૨૨** |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | **૧૧/૦૩/૨૦૨૬** |
| પુરાવો શરૂ થયાની તારીખ | **૧૪/૦૮/૨૦૨૪** |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | **૨૫/૦૨/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૧૨/૦૩/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | |

## –:: આરોપીની વિગત ::–

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાના દિવસો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **રફિક જુમા બજાણીયા** | ૨૪/૧૦/૨૦૨૨ | ૨૪/૧૦/૨૦૨૨ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |
| ૨ | **ઉપેન્દ્ર રમનવમી નિષાદ** | ૨૪/૧૦/૨૦૨૨ | ૨૪/૧૦/૨૦૨૨ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |
| ૩ | **હરીલાલ ઉર્ફે ઈન્ડિયન ગોપાલભાઈ ગાગલ (આહીર)** | ૦૧/૧૧/૨૦૨૨ | ૦૧/૧૧/૨૦૨૨ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |

**(નમૂનો–ક)**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો :

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| **૧** | ૯ | લાખાભાઈ માંડાભાઈ રબારી | પંચસાહેદ |
| **૨** | ૧૬ | સાગરભાઈ પ્રવિણગીરી ગુસાઈ | પંચસાહેદ |
| **૩** | ૧૯ | પાર્થકુમાર કિર્તીભાઈ પટેલ | સાહેદ |
| **૪** | ૨૦ | પાર્થકુમાર વિષ્ણુભાઈ પટેલ | સાહેદ |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :–

(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :–

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | પંચનામું |
| ૨ | ૧૮ | અસલ ફરિયાદ |

## –:: ચૂકાદો ::–

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામેના આરોપીઓ પૈકી ઉપેન્દ્ર રમનવમી નિષાદ નાઓએ પોતાના કબ્જાનો એક

આઈસર ટેમ્પો રજી. નં. એમ.એચ.–૦૬–બી.ડી.–૯૦૦૦ તથા હાઈડ્રો મશીન રજી. નં. જી.જે.–૧૨–સી.એમ.–૬૧૩૧ તથા પલ્સર મોટરસાયકલ રજી. નં. જી.જે.–૧૨–સી.જે.–૧૯૩૧ નો ઉપયોગ કરી જીંદાલ કંપનીના ડી.આઈ.લોખંડના ૪૫૦ એમ.એમ.ના ૧૮ ફૂટની લંબાઈના પાઈપો નંગ–૧૨ જેમાં એક પાઈપની કિં.રૂા.૨૫,૦૦૦/– એમ કુલ્લે ૧૨ પાઈપોની કિં.રૂા.૩,૦૦,૦૦૦/– ના પાઈપોની ચોરી કરી આરોપીઓએ ગુન્હામાં એકબીજાને મદદગારી કર્યા અંગે નખત્રાણા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૫૦૩૫૨૨૧૦૬૮/૨૦૨૨ થી ફરિયાદ નોંધી, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા આઈ.પી.સી.ની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સ મળ્યાની ખાતરી કરેલ. ત્યાર બાદ આરોપી નં. ૩ ની વિરૂદ્ધ આંક– ૩૫ થી તહોમતનામું ફરમાવી આંક– ૩૬ થી પ્લી નોંધેલ છે.

ત્યારબાદ સદર કેસમાં આરોપી નં. ૧ અને ૨ નાઓ ઘણા લાંબા સમયથી ન મળી આવતા હોવાથી કાયદાકીય જોગવાઈઓ ધ્યાને રાખી સી.આર.પી.સી.કલમ–૨૯૯ અન્વયે આરોપી નં. ૧ અને ૨ નાઓની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજૂ કરેલ નથી. ત્યાર બાદ આરોપી સામે પડેલ પુરાવા પરથી આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં નથી.

ત્યાર બાદ આ કામે સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી તરફે મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૪) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :– (૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, આ કામેના આરોપીઓ પૈકી ઉપેન્દ્ર રમનવમી નિષાદ નાઓએ પોતાના કબ્જાનો એક આઈસર ટેમ્પો રજી. નં. એમ.એચ.–૦૬–બી.ડી.–૯૦૦૦ તથા હાઈડ્રો મશીન રજી. નં. જી.જે.–૧૨–સી.એમ.–૬૧૩૧ તથા પલ્સર મોટરસાયકલ રજી. નં. જી.જે.–૧૨–સી.જે.–૧૯૩૧ નો ઉપયોગ કરી જીંદાલ કંપનીના ડી.આઈ.લોખંડના ૪૫૦ એમ.એમ.ના ૧૮ ફૂટની લંબાઈના પાઈપો નંગ–૧૨ જેમાં એક પાઈપની કિં.રૂા.૨૫,૦૦૦/– એમ કુલ્લે ૧૨ પાઈપોની કિં.રૂા.૩,૦૦,૦૦૦/– ના પાઈપોની ચોરી કરી આરોપીઓએ ગુન્હામાં એકબીજાને મદદગારી કરી આઈ.પી.સી.ની કલમ–૩૭૯, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં.**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.**

## <u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>

(૬) આ કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે આંક–૯ થી પંચસાહેદ : લાખાભાઈ માંડાભાઈ રબારીને તપાસવામાં

આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે બે વર્ષ પહેલા પોલીસે તેમને બોલાવીને એક તૈયાર કાગળમાં સહી લીધેલ હતી જે આંક–૧૦ વાળા પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવી, પોલીસે તેમની હાજરીમાં કોઈ પંચનામું કરેલ ન હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓ આ સિવાય કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૬ થી સાહેદ : સાગરભાઈ પ્રવિણગીરી ગુસાઈને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૨ ની સાલમાં તેઓ પાણી પુરવઠામાં સરકારી બોલેરોમાં ડ્રાઈવર તરીકે કામ કરતા હતા અને તે સમયે તેમના બોર્ડ દ્વારા વડવાભોપા સીમમાં આવેલ જળ શુદ્ધીકરણ પ્લાન્ટથી ગઢશીશા સુધી લાઈન નાખવાનું કામ ચાલુ હતુ અને તે માટે ૧૮ ફૂટના પાઈપ જીંદાલ કંપની પાસેથી મેળવીને રોડની સાઈડમાં છૂટક છૂટક જથ્થો રાખેલ હતો અને દિવાળીના દિવસોમાં રજા હોઈ રમેશગર ગુસાઈ વડવાભોપા સીમમાં આવેલ સમશાનમાં જોતા ત્યાં કુલ–૧૨ જેટલા પાઈપો ઉપડી ગયેલ હોવાનું અને ત્યાં અન્ય ફોરવ્હીલ તથા હાઈડ્રો જેવા મશીનના નિશાનો હોવાનું જણાવેલ જેથી સાહેદ સાગરભાઈ ગુસાઈએ આ અંગેની જાણ કરતા આ કામના મુળ ફરિયાદી ધર્મેન્દ્રકુમાર તથા અન્ય સાહેદ– પાર્થકુમાર કિર્તીભાઈ પટેલ તથા પાર્થકુમાર વિષ્ણુભાઈ પટેલ નાઓએ સ્થાનિકે જઈને જોયેલ તો કિં.રૂા.૩,૦૦,૦૦૦/– ના પાઈપ ઉપડી ગયેલ હતા જે અંગે ધર્મેન્દ્રકુમાર કાન્તીલાલ પટેલે નખત્રાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ હતી જે આંક–૧૮ વાળી ફરિયાદ જોતા સાહેદ તેમાં ફરિયાદીની સહી ઓળખી બતાવે છે અને ફરિયાદી ધર્મેન્દ્રકુમાર કાન્તીલાલ પટેલ મરણ ગયેલ હોવાનું જાહેર કરી આંક–૧૭ થી મરણનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે.

આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ચોરી કોણે કરેલ હતી તે તેમને ખબર નથી.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૯ થી સાહેદ : પાર્થકુમાર કિર્તીભાઈ પટેલ તથા આંક–૨૦ થી સાહેદ : પાર્થકુમાર વિષ્ણુભાઈ પટેલને તપાસવામાં આવેલા છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થન આપેલ છે પરંતુ પોલીસે આ કામે અટક કરેલા ઈસમો કોણ હતા તેની તેમને ખબર નથી તથા તેઓ આરોપીઓને જોઈને ઓળખી શકે તેમ નથી.

વધુમાં સાહેદ : પાર્થકુમાર કિર્તીભાઈ પટેલ તેમની આંક–૧૯ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, અમારે તમામ મુદ્દામાલ કોર્ટના હુકમથી પરત મળી ગયેલ છે અને કંપની તથા તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

(૯) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો વંચાણે લેતા સાહેદ : સાગરભાઈ પ્રવિણભાઈ ગુસાઈએ તેમની જુબાનીમાં નંગ–૧૨ પાઈપની ચોરી થયેલાનું જણાવેલ છે અને પોલીસે પાઈપ નંગ–૧૨ અને આઈસર ટેમ્પો તથા હાઈડ્રો મશીન સાથે અમુક ઈસમોને પકડેલ હતા પરંતુ તેઓ કોણ હતા તેની તમને ખબર નથી. આમ સદર સાહેદની જુબાની વંચાણે લેતા ચોરી થયેલાની હકીકત ફલીત થાય છે પરંતુ હાલના આરોપીઓએ ચોરી કરેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદની જુબાનીથી ફલીત થતી નથી. તેમજ ફરિયાદપક્ષે આંક–૧૯ થી પાર્થકુમાર કિર્તિભાઈ પટેલ અને આંક–૨૦ થી પાર્થકુમાર વિષ્ણુભાઈ પટેલને તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લેતા પણ ૧૨ પાઈપ ચોરી થયેલાનું જણાવેલ છે પરંતુ હાલની આ ચોરી હાલના આરોપીઓએ કરેલ હોય તેવી કોઈ હકીકત તેઓની જુબાની પરથી ફલીત થતી નથી અને સાહેદ પાર્થકુમાર કિર્તીભાઈ પટેલ સદર મુદ્દામાલ તેઓને નામદાર કોર્ટના હુકમથી પરત મળી ગયેલ છે અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાવેલ છે. વધુમાં જોઈએ તો ફરિયાદી ધર્મેન્દ્રકુમાર મરણ ગયેલ હોઈ તેઓનું મરણનું પ્રમાણપત્ર આંક–૧૭ થી રજૂ

થયેલ છે. આમ ફરિયાદપક્ષ ફરિયાદી ધર્મેન્દ્રકુમારને તપાસીને આંક–૧૮ થી રજૂ ફરિયાદ પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આમ ઉપસ્થિત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આરોપીઓએ કુલ કિં.રૂા.૩,૦૦,૦૦૦/– ના પાઈપ ચોરી કરેલ હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી અને ફરિયાદ હકીકત મુજબનો બનાવ બનેલ હોવા અંગે એક વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ, સ્પષ્ટ, પુરતો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ. તેથી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ આરોપી બદલના આવશ્યક તત્વો નિ:શંકપણે સ્પષ્ટ, ચોક્કસ અને પુરતા પુરાવાથી પુરવાર થતા ન હોય આરોપીઓ ઉપર મુકાયેલ આરોપી સાબીત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં.(૩) હરીલાલ ઉર્ફે ઈન્ડિયન ગોપાલભાઈ ગાગલ (આહીર) રહે. અટલનગર ચપરેડી, તા.ભુજ–કચ્છ. વાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) સાથે વાંચતા કલમ– ૩૫૩(૬) અન્વયે આ કામના આરોપી નં.(૧) રફીક જુમા બજાણીયા રહે. સંજોગનગર, ભુજ. (૨) ઉપેન્દ્ર રમનવમી નિષાદ હાલે રહે. જૂનાવાસ, માધાપર, તા.ભુજ–કચ્છ. મુળ રહે. ગામ ખપણા હવા, તા.રૂદ્રપુર, જી.દેવરીયા, ઉત્તરપ્રદેશ વાળાને ભારતીય દંડ

સંહિતાની કલમ–૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બિનતહોમત નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ ધ્યાને લેતા જામીન તથા જામીનખત અપીલ સમય પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ અંગે વચ્ચગાળાનો જે હુકમ થયેલ છે તે બિનશરતી કાયમી કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૨, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૨/૦૩/૨૦૨૬**

**નખત્રાણા–કચ્છ.**

**(રઘુવિરસિંહ અનીરૂદ્ધસિંહ ઝાલા)**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**નખત્રાણા–કચ્છ.**
**(GJ00938)**